જર્મનીની રુહર યુનિ.માં જર્નાલિઝમ ફેકલ્ટીનું પ્રતિનિધત્વ

# સ્ટેન્ડઅપ કોમેડીથી ધર્મને રજૂ કરવા ઉપર રિસર્ચની પ્રસ્તુતિ

## સેન્ટર ફોર રિલિજિયસ સ્ટડીસે કોન્ફરન્સ યોજી હતી

એજ્યુકેશન રિપોર્ટર | વડોદરા

જર્મનીની રુહર યુનિવર્સિટીમાં મ.સ.યુનિ.ની જર્નાલિઝમ ફેકલ્ટીએ પ્રતિનિધત્વ કર્યું હતું. સ્ટેન્ડઅપ કોમેડી દ્વારા ધર્મને કેવી રીતે રજૂ કરાય છે તેના પર રીસર્ચ રજૂ કરાયું હતું. વિશ્વભરમાં મીડિયા, ધર્મ અને સંસ્કૃતિ વિશેના સંવાદ માટે ખ્યાતનામ સેન્ટર ફોર રિલિજિયસ સ્ટડીસે આ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું.

મ.સ.યુનિ.માં ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશના ડો.નિધિ શેંડુર્નીકર અને અવિનાશ ઝાલાભાઈ તાજેતરમાં ભારતનું જર્મનીની કોન્ફરન્સમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. જર્નાલિઝમની ભૂતપૂર્વ વિદ્યાર્થીની રુત્વી કતાણી તેમજ કોલંબસ સ્ટેટ યુનિવર્સિટી, જ્યોર્જિયા, યુ.એસ.એ.ના પ્રોફેસર રમેશ રાવ પણ આ અભ્યાસ અને જર્મનીની મુલાકાતમાં એમ.એસ. યુનિવર્સિટીના અધ્યાપકો સાથે જોડાયા હતા. ભારતની સ્ટેન્ડ-અપ કોમેડીમાં હિંદુ અને હિંદુ ધર્મ અંગે બૃહદ અભ્યાસ કરીને તૈયાર કરેલા રીસર્ચ અંગે પ્રેઝન્ટેશન કોન્ફરન્સમાં રજૂ કર્યું હતું.

ડો.નિધિએ જણાવ્યું કે મીડિયા જન-જન સુધી પહોંચેલું છે. ત્યારે મીડિયામાં આવતું કન્ટેન્ટ અનેક દ્રષ્ટિકોણથી ચકાસતા રહેવું જરૂરી છે. અવિનાશ ઝાલાભાઈ જણાવ્યું હતું કે વૈશ્વિક મંચ પર બધા ધર્મની વાત થતી હોય ત્યારે આપણા ધર્મ વિશે અભ્યાસ કરીને તે વિશેની માહિતી વિશ્વ ફલક પર રજૂ કરાઈ હતી.